અંકલેશ્વર નગરપાલિકાની કમિટીઓની રચના સામે સભ્યનો વાંધો

છ સભ્યના બદલે ચારની નિમણૂક કરીને અધૂરી કમિટીઓ રચવામાં આવી

અંકલેશ્વરઃ અંકલેશ્વર નગરપાલિકાની સામાન્ય સભામાં વાહન વ્યવહાર કમિટી, સેનિટેશન કમિટી અને ડ્રેનેજ કમિટીની કરાયેલી રચના સામે વોર્ડ નં. ૮ના સભ્ય જહાંગીરખાન હમીદખાન પઠાણે વાંધો ઉઠાવી તેને ગુજરાત નગરપાલિકા અધિનિયમના નિયમો વિરુદ્ધ હોવાનુ જણાવ્યુ છે.

જહાંગીરખાન પઠાણના જણાવ્યા મુજબ, તા. ૧૭ જુલાઈ ૨૦૨૬ના રોજ યોજાયેલી સામાન્ય સભામાં ઉપરોક્ત ત્રણ કમિટીની રચના કરવામાં આવી હતી. તેમના આક્ષેપ મુજબ કાયદાકીય જોગવાઈ અનુસાર દરેક કમિટીમાં એક ચેરમેન સહિત કુલ છ સભ્ય હોવા જરૂરી છે, જ્યારે માત્ર ચાર સભ્યની નિમણૂક કરીને અધૂરી કમિટીઓ રચવામાં આવી છે. તેમણે મુખ્ય અધિકારીને લેખિત રજૂઆત કરીને જણાવ્યુ છે કે આ કમિટીઓ દ્વારા લેવાતા વહીવટી કે નાણાકીય નિર્ણયો, ટેન્ડર પ્રક્રિયા અથવા ચેક પરની સહી કાયદેસરતા અંગે પ્રશ્નો ઊભા કરી શકે છે તેમજ જો આવા નિર્ણયો કારણે નગરપાલિકાને કોઈ આર્થિક નુકસાન થાય તો તેની જવાબદારી સંબંધિત અધિકારીઓ અને પદાધિકારીઓની રહેશે. જહાંગીરખાન પઠાણે રજૂઆતમાં મુખ્ય અધિકારીને સાત દિવસમાં નિર્ણય જાહેર કરવાની માંગણી કરી છે. સાથે જ ચેતવણી આપી છે કે જો નિયમ વિરોધી ગણાવાયેલી કમિટીઓની કામગીરી સ્થગિત કરવામાં નહીં આવે તો તેઓ ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમ ૨૫૮ હેઠળ પ્રાદેશિક નગરપાલિકા કમિશનર સમક્ષ રજૂઆત કરશે અને જરૂર જણાય તો ગુજરાત હાઇકોર્ટનો આશરો પણ લેશે. આ મામલે નગરપાલિકા તંત્ર તરફથી સત્તાવાર પ્રતિસાદ મળવાનો બાકી છે.

ભરૂચમાં એપાર્ટમેન્ટનો ગેલેરીનો ભાગ ધરાશાયી થતાં એક ઘાયલ

ગેલેરીનો ભાગ તૂટી પડતાં 40 ફ્લેટને પણ અસર

ભરૂચઃ ભરૂચ શહેરના મોટા ડભોયાવાડ વિસ્તારમાં આવેલા સઈદ મહેદેવીયા એપાર્ટમેન્ટમાં શનિવારે સવારે અંદાજે 11 વાગ્યે ગેલેરીનો એક ભાગ ધરાશાયી થતાં વિસ્તારમાં અફડાતફડી મચી ગઈ હતી. આ ઘટનામાં એક વ્યક્તિને ઈજા પહોંચી છે, જ્યારે એપાર્ટમેન્ટનાં કેટલાંક ફ્લેટને નુકસાન થયું છે.

ચાર માળના આ એપાર્ટમેન્ટમાં આશરે 40 જેટલા ફ્લેટ આવેલા છે. ગેલેરીનો ભાગ તૂટી પડતાં તેની નીચે આવેલા કેટલાક ફ્લેટને અસર થઈ છે. પ્રાથમિક તપાસમાં બિલ્ડિંગનો આ ભાગ જર્જરિત હાલતમાં હોવાનું સામે આવ્યું છે. ઘટનાની જાણ થતાં જ ભરૂચ નગરપાલિકાના અધિકારીઓ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા અને પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું.

કોઈ મોટી દુર્ઘટના ન બને એ માટે સાવચેતીના ભાગરૂપે એપાર્ટમેન્ટના અન્ય રહેવાસીઓને પણ બહાર કાઢવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. નગરપાલિકા દ્વારા બિલ્ડિંગની સ્થિરતા અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. તંત્ર દ્વારા નુકસાનનું મૂલ્યાંકન કરવા અને આગળની જરૂરી કાર્યવાહી કરવા માટે પગલાં લેવામાં આવી રહ્યાં છે. અત્યાર સુધીમાં વધુ કોઈ ઈજાના અહેવાલ નથી. જો કે, વિસ્તારમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

ભરૂચ પાલિકાની સામાન્ય સભા વિપક્ષે ગેરકાયદે ઠેરવી

સેક્રેટરીને આવેદનપત્ર સોંપી સમગ્ર પ્રક્રિયા રદબાતલ કરવાની માંગ

ભરૂચઃ ભરૂચ નગરપાલિકાની શુક્રવારે યોજાયેલી સામાન્ય સભા ભારે વિવાદના વંટોળમાં સપડાઈ છે. વિપક્ષી સભ્યોએ સભા દરમિયાનની કાર્યવાહી અને પસાર કરાયેલા ઠરાવોને ગેરકાયદે ગણાવીને પાલિકા સેક્રેટરીને આવેદનપત્ર સોંપી સમગ્ર પ્રક્રિયા રદબાતલ કરવાની માંગ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ, સભા દરમિયાન વર્ષ 2025-26ના હિસાબોની મંજૂરી અંગેની ચર્ચા ચાલી રહી હતી. ત્યારે વિપક્ષી સભ્યોએ મુખ્ય અધિકારી સમક્ષ હિસાબોને લગતા પ્રશ્નો અને પુરાવાધારિત ખુલાસાઓ માંગ્યા હતા. જોકે, મુખ્ય અધિકારી જવાબ આપે તે પહેલાં જ સત્તાધારી પક્ષના સભ્યોએ વહીવટની જગ્યાએ હોબાળો મચાવી દીધો હતો. વિપક્ષના જણાવ્યા મુજબ, બાદમાં કોઈ પણ પ્રકારની પૂર્વ સૂચના અથવા ગૃહ મોકૂફીની જાહેરાત કર્યા વિના જ અચાનક રાષ્ટ્રગીત શરૂ કરી દેવાયું હતું. રાષ્ટ્રગીત પૂર્ણ થતાં જ સભા સમાપ્ત થઈ હોવાનું જાહેર કરી સત્તાધારી પક્ષના સભ્યો સભાખંડમાંથી બહાર નીકળી ગયા હતા. વિપક્ષી સભ્યોનો મુખ્ય આક્ષેપ છે કે, એજન્ડાના ક્રમાંક-4 સહિતના અનેક મહત્ત્વના મુદ્દાઓ પર ન તો કોઈ ચર્ચા થઈ, ન મતદાન યોજાયું, છતાં સભાને પૂર્ણ જાહેર કરવામાં આવી. વિપક્ષે આ સમગ્ર કાર્યવાહીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ-1963 અને સભાના સુવિધિ નિયમોનો ઘોર ઉલ્લંઘન ગણાવ્યો છે.

આવેદનપત્રમાં વિપક્ષે સેક્રેટરી માંગણીઓ કરી છે કે, 17 જુલાઈની સામાન્ય સભાની સમગ્ર કાર્યવાહીને ગેરકાયદે જાહેર કરીને રદબાતલ કરવી.

અધૂરા રહેલા એજન્ડાના મુદ્દાઓ અંગે કોઈ ઠરાવ પસાર થયો હોય તો તેના પર તાત્કાલિક સ્ટે મુકવો. સભાની વિડીયોગ્રાફી અને મિનિટ્સ બુકની તટસ્થ તપાસ કરાવવી અને અધૂરા રહેલા એજન્ડા પર નિયમાનુસાર ફરીથી સામાન્ય સભા બોલાવવાનો આદેશ આપવો. વિપક્ષની આ રજૂઆત બાદ ભરૂચ નગરપાલિકાની કાર્યવાહીની કાયદેસરતા અંગે રાજકીય અને જાહેર વર્તુળોમાં ચર્ચાઓએ વેગ પકડ્યો છે.

સંકલનમાં દહેજ-ભરૂચ બસ સ્ટેન્ડ, ટ્રાફિક સમસ્યા સહિત મુદ્દા ઊઠ્યા

બાળમજૂરી નાબૂદી અંગે ચાઈલ્ડ લેબર ટાસ્ક ફોર્સની કામગીરીની પણ સમીક્ષા

ભરૂચઃ જિલ્લાની વિવિધ સરકારી સેવાઓને વધુ લોકાભિમુખ બનાવવા તથા નાગરિકોની ફરિયાદોના ઝડપી નિકાલ માટે આયોજન ભવનના સભાખંડ ખાતે સંકલન સાથે ફરિયાદ સમિતિની મહત્ત્વની બેઠક યોજાઈ હતી. આ બેઠક જિલ્લાના કલેક્ટર ડો.નવનાથ ગવ્હાણે અધ્યક્ષ સ્થાને મળી હતી.

બેઠક દરમિયાન દહેજ-ભરૂચને જોડતા માર્ગ પર નવા બસ સ્ટેન્ડ નિર્માણ અને વધતી જતી ટ્રાફિક સમસ્યાનો મુદ્દો ખાસ ઉછળ્યો હતો. ઉપરાંત ભરૂચ બૌડા વિસ્તારની ટીપીઓમાં નવા રોડો, રખડતાં પશુઓની સમસ્યા, જમીન-વળતરના પ્રશ્નો, ઔદ્યોગિક એકમોમાં સ્થાનિકોને રોજગારી આપવા, સ્વામિત્વ યોજના, પાણી પુરવઠા, જીઈબી, પીએમ આવાસ યોજના અને વ્યાવસાયિક પ્રોજેક્ટ સંદર્ભે પણ વિસ્તૃત વિચારણા કરાઈ હતી. સમિતિએ તમામ મુદ્દા પર સકારાત્મક સંવાદ કરતાં અસરકારક રજૂઆતોની સમીક્ષા હાથ ધરી હતી. કલેક્ટર ગવ્હાણેએ સંબંધિત વિભાગોના અધિકારીઓને જણાવ્યું કે, ઉઠાવાયેલા પ્રશ્નોને પ્રાથમિકતા આપી તેમનો યોગ્ય ઉકેલ લાવવામાં આવે. તેમણે વહીવટી પ્રક્રિયાને વેગ આપવા દર મહિને ગુગલશીટમાં માહિતી અપડેટ કરવા, પેન્શન કેસ, પડતર પ્રશ્નો, સરકારી વસૂલાત, આરટીઆઈ અરજીઓ, ખાતાકીય તપાસ અને રાજકોટ એજી સંબંધિત બાબતોના નિકાલ માટે રચનાત્મક સૂચનો આપ્યાં હતાં. બાળમજૂરી નાબૂદી અંગે ચાઈલ્ડ લેબર ટાસ્કફોર્સની કામગીરીની પણ સમીક્ષા કરવામાં આવી હતી. લેબર, સ્કીલ ડેવલપમેન્ટ અને એમ્પ્લોયમેન્ટ વિભાગના અધિકારીએ અધિનિયમ હેઠળ કરવામાં આવેલી કાર્યવાહી અને જાગૃતિ કાર્યક્રમો અંગે માહિતી આપી હતી. જેના પર અધિક જિલ્લા કલેક્ટરે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ ડીમ્પલબેન રાજ, ભરૂચ ધારાસભ્ય રમેશ મિસ્ત્રી, વાગરા ધારાસભ્ય અરુણસિંહ રણા, ઝઘડિયાના ધારાસભ્ય રીતેશ વસાવા સહિતના અધિકારીઓ અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

બોરભાઠામાં કચરાના ઢગમાંથી નવજાત શિશુનો મૃતદેહ મળ્યો

છેલ્લા એક મહિનામાં નવજાત શિશુ મળી આવવાની ત્રીજી ઘટના

અંકલેશ્વરઃ અંકલેશ્વર શહેર નજીક બોરભાઠા ગામના વિસ્તારમાં કચરાના ઢગલામાંથી નવજાત શિશુનો ક્ષતવિક્ષત હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. ઘટનાની જાણ થતા અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસે સ્થળ પર પહોંચી હતી અને મૃતદેહનો કબજો લઈને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. સ્થાનિક લોકોને કચરાના ઢગલામાં નવજાત શિશુનો મૃતદેહ જોવા મળતા તેમણે તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. પોલીસની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને સ્થળનું નિરીક્ષણ કરીને જરૂરી પુરાવા એકત્ર કર્યા હતા. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યો હોવાનુ જાણવા મળે છે.

શિશુનું મૃત્યુ કયા સંજોગોમાં થયુ, મૃતદેહ અહીં કોણ મૂકી ગયું અને સમગ્ર ઘટના પાછળનું સાચું કારણ શું છે? તે અંગે પોલીસે વિવિધ દિશામાં તપાસ શરૂ કરી છે. આ માટે આસપાસના વિસ્તારના સીસીટીવી ફૂટેજ ચકાસવા, સ્થાનિક લોકોની પૂછપરછ કરવા તેમજ અન્ય તકનીકી અને વૈજ્ઞાનિક પુરાવાઓ એકત્ર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે છેલ્લા એક મહિનામાં અંકલેશ્વર વિસ્તારમાં નવજાત શિશુ મળી આવવાની આ ત્રીજી ઘટના છે. વારંવાર આવી રહેલી ઘટનાઓમાં જવાબદાર સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી રહી છે. હાલ એ ડિવિઝન પોલીસ વધુ તપાસ ચલાવી રહી છે.

નોબારિયા શાળામાં વિદ્યાર્થીઓ પાસે કામ કરાવતો વિડીયો વાયરલ

વિડીયોમાં વિદ્યાર્થીઓ તગારાં, પાવડા વડે કામગીરી કરતા દેખાયા, શિક્ષણ વ્યવસ્થા સામે સવાલો ઊઠ્યા

પ્રવીણ તેરૈયા

અંકલેશ્વરઃ અંકલેશ્વરની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત નોબારિયા પ્રાથમિક શાળાનો એક વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં શિક્ષણ જગતમાં ચર્ચા જાગી છે. વાયરલ વિડીયોમાં શાળાના વિદ્યાર્થીઓ તગારા અને પાવડા વડે કામગીરી કરતાં નજરે પડે છે, જ્યારે નજીકમાં શિક્ષિકા ઊભી હોવાનું પણ દેખાઈ રહ્યું છે.

વિડીયોએ અનેક સવાલો ઊભા કર્યા છે. શાળા બાળકોને શિક્ષણ, સંસ્કાર અને સુરક્ષિત વાતાવરણ આપવા માટે હોય છે, ત્યારે વિદ્યાર્થીઓ પાસેથી આ પ્રકારની કામગીરી કરાવવી કેટલી યોગ્ય છે, તે અંગે વાલીઓ અને જાગૃત નાગરિકોમાં ચર્ચા શરૂ થઈ છે. અભ્યાસના સમયે બાળકોને મજૂરી જેવા કામમાં રોકવામાં આવ્યા હોવાના આક્ષેપો પણ ઊઠી રહ્યા છે. ઘટનાની સત્યતા અને વિડીયો કયા સંજોગોમાં બનાવાયો હતો તેની સત્તાવાર પુષ્ટિ હજુ સુધી થઈ નથી. તેમ છતા, જો વિદ્યાર્થીઓ પાસેથી ખરેખર આ પ્રકારનું કામ કરાવવામાં આવ્યું હોય તો તે શિક્ષણના મૂળ હેતુ અને બાળ અધિકારોની ભાવના સામેનો ગંભીર મુદ્દો ગણાય. આ સમગ્ર મામલે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અને શિક્ષણ વિભાગ દ્વારા તાત્કાલિક તપાસ કરી જવાબદાર સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઊઠી રહી છે. વિડીયો વાયરલ થતાં શિક્ષણ તંત્રની કામગીરી પણ સવાલોના ઘેરામાં આવી છે.

ભરૂચમાં લાંબા વિરામ બાદ વરસાદ

ભરૂચઃ અઠવાડિયાઓના લાંબા વિરામ બાદ ભરૂચ જિલ્લામાં શનિવારે ધોધમાર વરસાદે તોફાન મચાવ્યું હતું. જિલ્લાના સાત તાલુકામાં સારો એવો વરસાદ પડતાં ખેડૂતો અને નાગરિકોના ચહેરા ખીલી ઊઠ્યા હતા. જો કે, અંકલેશ્વર અને વાલિયા વિસ્તારમાં વરસાદ દરમિયાન ઝીરો વિઝિબિલિટીની સ્થિતિ સર્જાઈ હતી, શનિવારે બપોરના સમયે અચાનક વાતાવરણમાં ફેરફાર થતાં કાળાં વાદળો ઘેરાઈ વરસાદની શરૂઆત થઈ હતી. અંકલેશ્વર-વાલિયા વિસ્તારમાં વિઝિબિલિટી શૂન્ય થઈ જતાં વાહનચાલકોએ પોતાનાં વાહનોની હેડલાઈટ ચાલુ કરી અને સાવધાનીપૂર્વક વાહન ચલાવ્યાં હતાં. શુક્રવારે સાંજે 6 વાગ્યાથી શનિવારે સાંજે 6 વાગ્યા સુધીના 24 કલાક દરમિયાન અંકલેશ્વરમાં 26 મીમી, વાલિયામાં 20 મીમી, ભરૂચમાં 11 મીમી, નેત્રંગમાં 10 મીમી, આમોદમાં 6 મીમી, ઝઘડિયામાં 3 મીમી અને વાગરામાં 2 મીમી વરસાદ પડ્યો હતો.

'ચુડેલ' ગામ હવે 'ચંદનપુર' નામે ઓળખાશે

સરકારી વિભાગોને સરકારી રેકોર્ડમાં જરૂરી સુધારા કરવા આદેશ

માંડવીઃ ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા સત્તાવાર જાહેરનામા અનુસાર માંડવી તાલુકામાં આવેલા 'ચુડેલ' ગામનું નામ બદલીને હવે 'ચંદનપુર' કરવામાં આવ્યું છે. કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલયની મંજૂરી બાદ ગુજરાત સરકાર દ્વારા આ ફેરફાર અંગેના તા.૭ જુલાઈ, ૨૦૨૬ના રોજ પ્રસિદ્ધ કરેલ જાહેરનામાંથી તમામ સંબંધિત સરકારી વિભાગોને સરકારી રેકોર્ડમાં જરૂરી સુધારા કરવા માટે આદેશ આપવામાં આવ્યો છે. આ ગામના નવા નામની વિવિધ ભાષાઓની લિપિ મુજબ રોમન લિપિમાંઃ CHANDANPUR, દેવનાગરી લિપિમાંઃ અને ગુજરાતી લિપિમાંઃ ચંદનપુર તરીકે ઉલ્લેખ કરવાનો રહેશે, તેમ સામાન્ય વહીવટ વિભાગની યાદીમાં જણાવાયું છે.

ભાનાવાડીના મિત્રોને અકસ્માત, એકનું મોત

વ્યારાઃ ઉચ્છલના ભડભુંજા ગામની સીમમાં સુરત-ધુલિયા નેશનલ હાઈવે નં.૫૩ પર અકસ્માત સર્જાયો હતો. વ્યારાના ભાનાવાડીના ત્રણ મિત્રો બાઇક નં.(GJ 26 R 8862) પર ઉચ્છલના જામકી ગામે જઈ રહ્યા હતા. દરમિયાન રાત્રે સાડા આઠ વાગ્યાના અરસામાં પાછળથી પૂરપાટ ઝડપે આવતી હોન્ડા સિટી કાર નં.(GJ 21 BC 4858)ના ચાલક નિકુંજ પટેલે બાઇકને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં બાઇક સવાર ૨૧ વર્ષીય વિવેકભાઈ બીપીનભાઈ ગામીતનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે બાઇક પર સવાર અન્ય બે મિત્રો આશિષભાઈ ગામીત અને અમિતભાઈ ગામીતને ગંભીર ઇજાઓ થતાં ૧૦૮ મારફતે વ્યારા રેફરલ હોસ્પિટલ ખસેડાયા હતા. જ્યાંથી અમિત ગામીતની હાલત વધુ નાજૂક હોવાથી પ્રાથમિક સારવાર આપી સુરત હોસ્પિટલ રિફર કરાયા છે. ઉચ્છલ પોલીસે ઇજાગ્રસ્ત આશિષનું નિવેદન નોંધી સુરતના કાર ચાલક સામે ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે.

સંક્ષિપ્ત સમાચાર

ચાસવડ આશ્રમશાળામાં ભૂતપૂર્વ NRI દાતા થકી અદ્યતન રૂમો તૈયાર કરાયા

ભરૂચઃ કસ્તુરબા સેવાશ્રમ મરોલી સંચાલિત આશ્રમશાળા ચાસવડમાં ભૂતપૂર્વ NRI દાતા દ્વારા નવા અદ્યતન રૂમોનું શનિવારે રાજ્યના પાણી પુરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ચાસવડ આશ્રમશાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને હાલ યુએસએ (USA)માં વસવાટ કરતા દાતા જયવંતભાઈ ભક્તે આજનાં બાળકો માટે આ રૂમો તૈયાર કરાવ્યા હતા. શનિવારે યોજાયેલા આ લોકાર્પણ સમારોહમાં રાજ્યના મંત્રી ઈશ્વરસિંહ પટેલ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી ખુમાનસિંહ વાંસિયા, નેત્રંગ કેળવણી મંડળના હસમુખભાઈ ભક્ત, કામરેજ તાલુકાના વાવ ગામના રમેશભાઈ ભક્ત સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

GMDC ગ્રામ્ય વિકાસ ટ્રસ્ટ દ્વારા 34 શાળામાં 36,000 નોટબુકનું વિતરણ કરાયું

ભરૂચઃ GMDC-ગ્રામ્ય વિકાસ ટ્રસ્ટ ઈએફજી (વાલિયા) લિગ્નાઇટ દ્વારા જિલ્લાના 18 કાર્યક્ષેત્ર ગામોમાં આવેલી કુલ 34 પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં આજે 36,000 નોટબૂક અને ડાયરીનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં GMDC પ્રોજેક્ટ હેડ સત્યપ્રકાશ રાવત, CSR પ્રોજેક્ટ મેનેજર ઇસ્માઈલભાઈ, HR મેનેજર મહેન્દ્રસિંહ જાડેજા, આસિસ્ટન્ટ મેનેજર રાયદે ચાવડા, આસિસ્ટન્ટ ફાઇનાન્સ દેવાંગ કારેલિયા અને માઇન્સ સરવેયર ભાવસિંહ ચુડાસમાએ ઉપસ્થિત રહીને નોટબૂક વિતરણ કર્યું હતું.

કડોદરામાં યુવકનું બીમારીના કારણે મોત

પલસાણા : મૂળ ઉત્તર પ્રદેશના દેવરિયા જિલ્લાના ખેરટિયાગામના વતની અને હાલ પલસાણાના ભગુનગરમાં રહેતા સુનીલ રાજારામ યાદવ (ઉ.વ. ૨૮) અચાનક બીમાર પડ્યા હતા. તેને તાત્કાલિક પલસાણા સી.એચ.સી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તપાસ બાદ તેમને મૃત જાહેર કર્યા હતા. આ ઘટના અંગે છોટેલાલ યાદવે પોલીસને જાણ કરતા કડોદરા પોલીસે અકસ્માત મોત ગુનો નોંધી એ.એસ.આઈ. અરવિંદભાઈ વેલજીભાઈએ વધુ તપાસ હાથ ધરી છે.

માંડવીમાં 70 વર્ષીય વૃદ્ધે ભુલાયેલી રૂપિયા ભરેલી થેલી મૂળ માલિકને પરત આપી

માંડવીઃ માંડવી ટાઉનના ધોબણીનાકા પાસે આવેલી ગાયત્રી ફરસાણની દુકાને નાસ્તો કરવા ગયેલા વ્યારાના અથાણાના વેપારી જયકુમાર પ્રેમચંદ સિંઘી પોતાની રૂ.85,000ની રોકડ રકમ ભરેલી થેલી ભૂલી ગયા હતા. થેલી ગુમ થયાનું જણાતાં વેપારીએ તાત્કાલિક માંડવી પોલીસને જાણ કરી હતી, જેના પગલે પોલીસે ધોબણી નાકા વિસ્તારમાં તપાસ હાથ ધરી હતી. બીજી તરફ માંડવી દવાખાનેથી પોતાના ઘરે પરત ફરી રહેલા પીપલવાડા ગામના 70 વર્ષીય વૃદ્ધ રમેશભાઈ સુકાભાઈ ચૌધરીને રસ્તામાંથી આ રૂપિયા ભરેલી થેલી મળી આવી હતી. રમેશભાઈએ ઘરે જઈને થેલી તપાસ્યા બાદ, તેમાં મોટી રકમ હોવાનું માલૂમ પડતાં તેમણે સહેજ પણ લાલચ રાખ્યા વિના પોતાના પુત્ર સાથે તાત્કાલિક માંડવી પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા અને સમગ્ર રોકડ પોલીસને સુપ્રત કરી દીધી હતી. વૃદ્ધની આ પ્રશંસનીય કામગીરી બાદ માંડવી પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી મૂળ માલિક વેપારી જયકુમાર સિંઘીને તેમની ગુમ થયેલી રકમ પરત સોંપી હતી. 70 વર્ષની ઉંમરે પણ રમેશભાઈ ચૌધરીએ દાખવેલી આ ગજબની પ્રામાણિકતા અને ઈમાનદારીની સમગ્ર પંથકમાં ભારે પ્રશંસા થઈ રહી છે.

જૂના પુન ગામમાં ટાવર લાઇનની એંગલ તૂટી



અંકલેશ્વરઃ અંકલેશ્વરના જૂના પુનગામમાં ખેતરમાં લગાવાયેલા ટાવરની લાઈનની ભારે એન્ગલ તૂટીને નીચે પડતા દોડધામ મચી ગઈ હતી. અંકલેશ્વરના જૂના પુનગામ ગામે ટાવર લાઇન પરથી લોખંડની ભારે એંગલ અચાનક તૂટી પડી હતી. ખેડૂત અને કામદારો જ્યાં કામ કરી રહ્યા હતા ત્યાંથી માત્ર 5થી 10 ફૂટના અંતરે એંગલ પડતાં મોટી જાનહાનિ ટળી હતી. ઘટના બાદ ખેડૂતોમાં રોષ ફેલાયો છે. ટાવર લાઇનના કામમાં બેદરકારીનો આક્ષેપ કરી સમગ્ર કામની તપાસ, જોખમી એંગલો દૂર કરવા, બાકી વળતર ચૂકવવા અને જવાબદારો સામે કાર્યવાહી કરવાની માંગ ઊઠી છે.

ઉચ્છલમાં જાતિના દાખલા મુદ્દે તલાટીઓ સામે મનમાનીનો આક્ષેપ

વ્યારાઃ ઉચ્છલ તાલુકાનાં ગામોમાં જાતિના દાખલાઓ માટે જરૂરી અરજી ફોર્મ પર કેટલાક તલાટીઓ સહી-સિક્કા કરવામાં વિલંબ કરી અરજદારોને વારંવાર ધક્કા ખવડાવી હેરાનગતિ કરવામાં આવતી હોવાનો આક્ષેપ ઊઠ્યો છે. આ મુદ્દે જાગૃત નાગરિક દ્વારા ઉચ્છલ મામલતદાર સહિત નિઝર પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપી તલાટીઓ સામે યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. આવેદનમાં જણાવાયું છે કે, વિદ્યાર્થીઓને શાળા-કોલેજમાં પ્રવેશ, શિષ્યવૃત્તિ, સ્પર્ધાત્મક પરીક્ષાઓ તેમજ સરકારી યોજનાઓના લાભ માટે સમયસર જાતિના દાખલાઓની જરૂર પડે છે. છતાં અરજી ફોર્મ પર સમયસર સહી-સિક્કા ન થતાં વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને વારંવાર સરકારી કચેરીઓના ધક્કા ખાવા પડી રહ્યા છે. જેને કારણે અરજદારોને સમય તથા આર્થિક નુકસાન પણ સહન કરવું પડે છે. તેમજ વિદ્યાર્થીઓને જાતિના દાખલા મેળવવા માટે થતી હેરાનગતિને કારણે વિદ્યાર્થીઓના અભ્યાસ પર પણ વિપરીત અસર થઈ રહી છે. ત્યારે આ મામલે સંબંધિત ઉચ્છલ તાલુકાના તલાટીઓને ઉચ્ચ અધિકારીઓ દ્વારા જરૂરી સૂચના આપી અરજદારોના કામો સમયમર્યાદામાં પૂર્ણ કરાવવામાં આવે તેમજ વિદ્યાર્થીઓને અનાવશ્યક મુશ્કેલી ન પડે એ માટે તાત્કાલિક યોગ્ય પગલાં ભરવાની માંગ કરવામાં આવી છે.